# ગણતરીના કલાકોમાં ચીલઝડપના ગુનાનો ભેદ ઉકેલતી, સુરત શહેર કાપોદ્રા પોલીસ

સુરત શહેર વિસ્તારમાં લુંટ, ચોરી તેમજ મિલ્કત સબંધી વણશોધાયેલ ગુનાઓ શોધી કાઢવા માટે કાપોદ્રા પો.સ્ટે.ના પોલીસ માણસો પેટ્રોલીંગમાં હતા દરમ્યાન કાપોદ્રા ચીકુવાડી પાણીની ટાંકી પાસે આવેલ શૌચાલયવાળી ગલીમાં તા.૧૪/૧૦/૧૮ ના રોજ પંકજ ડાયમંડ પાસે સાઈન મો.સા.પર આવેલ બે અજાણ્યા ઈસમોએ રીક્ષામાં જતા પેસેન્જરની પાસે રહેલ એક લાલ કલરની બેગમાં રાખેલ રોકડા રૂપિયા ૩,૭૫,૦૦૦/- ની ચીલઝડપ કરેલ તે ઈસમો ચોરીમાં ઉપયોગમાં લીધેલ મો.સા. તેમજ તેઓને ટ્રીપ આપનાર અન્ય બે સહ આરોપીઓ ઉભેલા હોવાની હકિકત મળતા હકિકતવાળી જગ્યાએ આવી બાતમીવાળા ઈસમોને પકડી પાડી તેઓના નામ ઠામની ખાત્રી કરતાં (૧) ગૌરાંગ ઉર્ફે ગવો કનુભાઇ કળથીયા ઉ.વ.૨૭ રહે.૮૫, અભિયાધામ સોસાયટી, સારોલી રોડ, પુણાગામ, સુરત (૨) રવિ ચંદુભાઇ લેઉવા પટેલ ઉ.વ.૨૮ ધંધો-હિરા ઘસવાનો રહે.૯, રામદેવ નગર સોસાયટી, બળીયાદેવના મંદિર સામે, મોતીભાઇ રબારીના મકાનમાં, લસકાણા, સુરત (૩) અજય ગોવિંદભાઇ કારેણા જાતે સગર બી/૨૩૨, પહેલો માળ, લક્ષ્મીપાર્ક સોસાયટી, લસકાણા ગામ, સુરત (૪) મુકેશ રવજીભાઇ પથ્થર જાતે સગર ઉ.વ.૩૨ ધંધો-પ્લમ્બીંગ રહે.૩૦, ગોકુળધામ રો-હાઉસ, નનસાડ રોડ, તા.કામરેજ જી.સુરતનાઓને પકડી પુછપરછ કરતા મજકુર ચારેય આરોપીઓ પૈકી ગૌરાંગ તથા મુકેશ પથ્થરનાઓએ સહ આરોપી રવિ તથા અજય નાઓનો વતનમાંથી તેમના સબંધી હિરાના હિસાબના પૈસા લાવેલ હોવાની ટ્રીપ આપેલ જે આધારે આરોપી રવિ તથા અજય શાઈન મો.સા.થી રીક્ષાનો પીછો કરી થેલીમાં રાખેલ રૂપિયાની ચીલઝડપ કરી પકડાય ગયેલ અને ચોરીમાં ગયેલ મુદ્દામાલ કબ્જે કરેલ જે કાપોદ્રા પો.સ્ટે. । ગુ.ર.નં.૨૯૩/૧૮ ઈ.પી.કો.કલમ ૩૭૯,૩૫૬,૧૧૪ મુજનો ગુન્હો વણશોધાયેલ હોય જે શોધી, પ્રસંશનિય કામગીરી કરવામાં આવેલ છે.